# કૈલાસ માનસરોવરની યાત્રા : જાણે સત્યમ, શિવમ, સુંદરમનો સાક્ષાત્કાર --- *મારા અનુભવો*

કૈલાસ માનસરોવર, આ શબ્દ કાને પડતાં જ નજર સમક્ષ ઉભરી આવે છે ઉત્તુંગ પહાડો, ખીલ ખીલ કરતાં ઝરણાં, સર્પાકાર રસ્તા અને અગણિત ફુલોની વિવિધરંગી ચાદરથી શોભતું નયન રમ્ય કુદરતી સૌંદર્ય. સાક્ષાત મહાદેવ, ભગવાન શિવજીની છબી નજર સમક્ષ ખડી થાય છે અને જાણ્યે અજાણ્યે જ મન, ભગવાન શિવજીને વંદન કરી રહે છે. ભોળાનાથનો જ્યાં વાસ છે એવા કૈલાસ પર્વતની પરિક્રમા કરતાં શી દિવ્ય અનુભુતિ થાય છે તે તો જેણે અનુભવ્યું હોય તે જ જાણે. અનેકવાર કૈલાસ માનસરોવરની યાત્રા કરી ચુકેલા Brampton નિવાસી વૈશાલી પટેલ ખાસ Gujarat Abroad ના વાચકો માટે જ, તેમનો આ અનુભવ, તેમના જ શબ્દોમાં વર્ણવે છે.

" આપણા ધર્મ અને સંસ્કૃતિના ઉદગમ સમા કૈલાસ - માનસરોવરના પવિત્ર સ્થાનની મહત્તાને વર્ણવવા શબ્દો ક્યાંથી લાવું? નાનપણથી જ હિમાલયનું મને ગજબનું ખેંચાણ. ૧૪-૧૫ વર્ષની હતી ત્યારથી મમ્મી-પપ્પાને કહેતી, મારે કૈલાસ-માનસરોવર જવું છે. ત્યારે તો ખબર સુધ્ધાંય નહોતી કે કૈલાસ શું કે માનસરોવર શું? અને એ ક્યાં આવ્યું? પહેલીવાર યાત્રા કરવાનો મોકો મળ્યો ૧૯૯૪ માં. ૩૨ દિવસની એ યાત્રામાં લગભગ ૩૭૫ થી ૪૦૦ કિલોમીટર ચાલવાનું થયું હતું. એકવાર સદેહે ત્યાં જઇ આવ્યા પછી, શિવજી નું આ ધામ જાણે વારંવાર મને ત્યાં ખેંચવા લાગ્યું. ૧૯૯૭ અને ૧૯૯૯ માં ફરી ત્યાં જવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. એક જ વાક્યમાં મારો અનુભવ કહું તો, કૈલાસ માનસરોવરની યાત્રા એટલે સત્યમ શિવમ સુંદરમ નો સાક્ષાત્કાર.



આપણા સૌના માટે, સ્વયં ઋષિ જેવા પુજનીય, હિમાલયમાં પગલાં પાડીને જવાનું હોય તેના આનંદની સીમા જ શી હોય? યાત્રા દરમિયાન કલ્પનામાં પણ ન આવે તેવા સુંદર દ્રશ્યો જોવા મળે છે. પહાડોની ઉંચાઇ પર તારાઓનો ચંદરવો, કાલી નદીનો અવિરત ઘુઘવાટ, બરફના વિવિધ આકારો અને સુવર્ણમય થતી પર્વતની ટોચ. you have to be there to feel it. ચારેકોર એટલું અફાટ સૌંદર્ય પથરાયેલું છે કે બુધ્ધિ કામ કરતી બંધ થઇ જાય અને શ્રધ્ધાના તાંતણે મન બંધાઈ રહે. એક તરફ તો પહાડો પર ઉંચે જ જોયા કરવાનું મન થાય અને બીજી પા, નીચે નજર નાંખતાં જ ડરી જવાય.

સંત તુલસી દાસે કહ્યું છે તેમ,

" પરમ રમ્ય ગિરિવર કૈલાસ
સદા જહાં શિવઉમા નિવાસ "

હિન્દુ, જૈન, બૌધ્ધ અને બામ્પા (જુનો બૌધ્ધ ધર્મ) આ ચારેય ધર્મોનું પવિત્ર યાત્રાધામ એટલે કૈલાસ. અહીં માનસરોવર પાસે બીજું પણ એક સરોવર આવેલું છે - રાક્ષસતાલ. રાવણના નામ પરથી તેનું નામ પાડ્યું છે. આ બે સરોવરની ઉત્તરે કૈલાસ પર્વત (૨૨૦૨૮ ફુટ- ૬૬૭૫ મીટર) અને દક્ષિણે ગુર્લામાંધાતા પર્વત છે. કૈલાસ પર્વતની પરિક્રમા ૬૫ કિલોમીટરની છે. જે પુરી કરતાં ૩ દિવસ થાય છે. પરિક્રમાનું મહત્તમ ઉંચાઇનું સ્થાન છે દોલમાપાસ જે ૧૯,૫૦૦ ફુટની ઉંચાઇ પર છે. અહીં જ બુધ્ધ ભગવાનનું પગલું છે તથા ભગવાન શંકર અહીં જ પોતાના ભક્તોની પ્રાર્થનાનો સ્વીકાર કરે છે. દોલમાપાસ ચઢતાં પહેલાં એક જગ્યા આવે છે જ્યાં હાડકાં, જુના કપડાં, લોહીનાં ખાબોચિયાં જોવા મળે છે. કહે છે કે માણસ મરી જાય પછી આ જ જગ્યાએ ભગવાન તેના પાપ અને પુણ્યનો હિસાબ કરે છે. શંકર ભગવાનની આ ભુમિમાં જે યાત્રીઓથી પગપાળા પરિક્રમા ના થઇ શકતી હોય તેઓ યાક ઉપર પણ બેસી શકે છે.જાણે ભગવાનના વાહન નંદી ઉપર બેઠા સમજો.

બરફભર્યા શિખરોની છાયાને ઝીલતું માનસરોવર સમુદ્રની સપાટીથી ૧૪,૯૫૦ ફુટ ઉંચે આવેલું છે. ૩૦૦ ફુટ ઊંડું અને ૨૦૦ વર્ગમાઇલના ક્ષેત્રફળમાં પથરાયેલું માનસરોવર ૫૪ માઇલનો બહોળો ઘેરાવો ધરાવે છે. નજર પહોંચે ત્યાં લગી પથરાયેલું શુધ્ધ સ્ફટિક જળ, પાણીમાંથી આરપાર દેખાતા નાના-નાના પથ્થરો, હજારો વર્ષોથી પાણીમાં પડેલા, શિવની પ્રસાદીસમા શિવલિંગો..... એમ થાય કે બસ જોયા જ કરીએ.

મે થી સપ્ટેમ્બરના પાંચ મહિના દરમિયાન કૈલાસ-માનસરોવરની યાત્રા થઇ શકે છે. અને ત્યાં જવાના બે રસ્તા ઉપલબ્ધ છે.

૧) એક યાત્રા ભારત સરકાર દ્વારા આયોજીત થાય છે. ૩૦ દિવસની આ યાત્રામાં ૨૫૦ કિ.મી. જેટલું ચાલવું પડે છે. અને તેમાં જોડાવા માટે ભારતીય પાસપોર્ટ હોવો જરુરી છે. અંદાજીત ખર્ચ : વ્યકિત દીઠ રુપિયા ૭૦,૦૦૦ થી ૮૦,૦૦૦.

૨) બીજી યાત્રા નેપાળથી જાય છે. જેની શરુઆત કાઠમંડુથી થાય છે. ૧૮ દિવસની આ યાત્રામાં તમે ગાડીમાં બેઠા બેઠા માનસરોવર પહોંચો છો. કોઇપણ દેશનો નાગરિક જઇ શકે તેવી આ યાત્રામાં માત્ર ૩૦ કિ.મી. ચાલવાનું આવે છે. અંદાજીત ખર્ચ : વ્યકિત દીઠ રુપિયા ૯૦,૦૦૦ થી ૧૦૦,૦૦૦.

કૈલાસ-માનસરોવર વિશે વધુ જાણવા અથવા ત્યાં જવા ઇચ્છતા શ્રધ્ધાળુઓ વૈશાલી પટેલ નો સંપર્ક કરી શકે છે.

ફોન નંબર : ૯૦૫-૪૫૦-૯૦૫૧
E-mail : pvaishu@hotmail.com
રહેવાસી : Brampton, Ontario.